# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૨૯-A તા.૧૬-૩-૧૯

*તાકિદનુ -આચારસંહિતા-લોકસભા સામાન્ય ચૂંટણી*

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-** **લોકસભા સામાન્ય ચૂંટણી -૨૦૧૯ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા અંગેની આદર્શ આચારસંહિતાના અમલ બાબત**

**સંદર્ભ :-** **૧. ઈલેકશન ખાતુ ઈ.એલ.આર.નં-૧૪૧ તા.૧૬-૩-૧૯ ના પત્ર અન્વયે.**

આથી તમામ મ્યુનિ.શાળાઓને જણાવવામાં આવે છે કે, ભારતના ચૂંટણી પંચ દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૧૯ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં તા.૨૩-૦૪-૧૯ના રોજ યોજવા જાહેરાત કરવામાં આવેલ છે. આથી ચૂંટણી અનુસંધાને આચારસંહિતા દરમ્યાન શાળાને લગતી નીચે મુજબની સૂચનાઓનો કડકપણે અમલ કરશો અને કરાવશો. જો આ હુકમના પાલનમાં ચૂક થશે તો તે અંગેની જવાબદારી જે-તે કર્મચારીની રહેશે.

૧) રાજકીય પક્ષો અને ચૂંટણીના ઉમેદવારો દ્વારા જાહેર મિલકત ઉપર કોઈપણ જાતના લખાણ,સૂત્રો,ધ્વજદંડ કે પોસ્ટર લગાડી કે ચોંટાડી શકાશે નહી.તેથી શાળાની કમ્પાઉન્ડ વોલ પર આ પ્રમાણેની પ્રચારને લગતી કોઈપણ કાર્યવાહી કરવા દેવી નહી.આ અંગે શાળાના પગીને તથા સિક્યુરીટી ગાર્ડને પણ લેખિત સૂચના આપવી અને પરિપત્રમાં નોંધ લેવડાવવી.

૨) ચૂંટણીના સમયગાળા દરમિયાન શાળાના કંપાઉન્ડમાં અંદરની બાજુએ વિશાળ કટઆઉટ, જાહેરાતના પાટીયાં બેનર વિગેરે રાજકિય પક્ષો કે ચૂંટણીના ઉમેદવારોને મુકવા દેવા નહી.

૩) શાળાના કંપાઉન્ડમાં ચૂંટણીને લગતી કોઈ સભાઓ કે મિટીંગો કરવા દેવી નહી. શાળાના કમ્પાઉન્ડમાં બહારની કોઈપણ અનધિકૃત વ્યક્તિ સાથે ચૂંટણીને લગતી ચર્ચા કરવી નહીં તથા સ્ટાફનો કોઈ કર્મચારી આ પ્રવૃત્તિ ન કરે તેનું ધ્યાન આપવું.

૪) શાળાની કંપાઉન્ડ વોલ ઉપર તમારી જાણ બહાર પોસ્ટર લાગે કે ચૂંટણીને લગતી અન્ય આચારસંહિતાનો ભંગ થાય તેવી કાર્યવાહી થયેલ જણાય તો તાત્કાલિક આ અંગેની જાણ તમારા ઝોનના આસિ.એ.ઓ.શ્રીને કરવી.

૫) મતદાન મથકોવાળી શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓએ શાળામાં આચારસંહિતાનો ભંગ થાય તેવા કોઈ કાર્યક્રમનું આયોજન કરવું નહીં.

૬) મતદાન મથકોના રૂમમાં જરૂરી સાફસફાઈ કરાવી રૂમોમાં જરૂરીયાત મુજબના ટેબલ ખુરશી રાખી બાકીનો સામાન તાકીદે હટાવી લેવો.

૭) મતદાન મથકો વાળા રૂમોમાં બારીબારણા, દિવાલ, લાઈટ,પંખા તથા રેમ્પ યોગ્ય હાલતમાં ન હોય તો તે ઉપયોગમાં લઈ શકાય તે માટે એડી.સીટી ઈજનેરશ્રી, મ્યુનિ. કોર્પોરેશન, અમદાવાદના જે-તે ઝોનનો સંપર્ક કરી આગળની કાર્યવાહી કરવી.

૮) મતદાન મથકો ધરાવતી શાળાઓના કમ્પાઉન્ડમાં સંપૂર્ણ સ્વચ્છતા રાખવી તથા જયારે જયારે ચૂંટણી અધિકારીશ્રીઓ કે ચૂંટણી સબંધિત અધિકારીશ્રીઓ શાળાની મુલાકાતે આવે ત્યારે શાળાનું બિલ્ડીંગ ખુલ્લું રહે તથા જરૂરી ઓબ્ઝર્વેશન કરી શકે તે રીતે તેમને સહકાર આપવા પગી / સિકયુરીટી ગાર્ડને આદેશ કરવો. જો પગી/સિકયુરીટી શાળામાં હાજર નહીં હોય તો તે તમારી અંગત જવાબદારી રહેશે.

૯) શાળાના પગી / સિકયુરીટી ગાર્ડને મતદાનના આગલા દિવસે શાળાની ચાવી આપી રાખવી અને તેમના મોબાઈલ નંબર મેળવી પાસે રાખવા. શાળાના મતદાન મથક અંગેની જરૂરી સુવિધાઓ અંગેની ખાત્રી કરી લેવાની રહેશે.

૧૦) સ્કૂલ બોર્ડના કોઈપણ કર્મચારીઓની આચારસંહિતાના સમયગાળા દરમ્યાન લાંબી રજા મંજૂર કરવામાં આવશે નહી, તથા અનિવાર્ય કારણ સિવાય કેજ્યુઅલ રજા પણ મંજૂર કરવામાં આવશે નહી. જેથી અત્રે કોઈએ ભલામણ કરવી નહી.

૧૧) પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, કોલેજો, વ્યાવસાયિક શિક્ષણ સંસ્થા સંકુલો / મકાનોનો ઉપયોગ કોઈપણ રાજકીય પક્ષના ઉમેદવાર / ટેકેદારો / મંત્રીશ્રી રાજકીય પ્રવૃત્તિ માટે કોઈપણ સંજોગોમાં કરી શકશે નહીં.

તા. ૧૬-૩-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી